અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. 513, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં. ૭૬૮૧/૨૦૨૧**

**આંક........**

**ફરીયાદીઃ** શ્રી સરકાર

વિરૂદ્ધ

**આરોપીઃ** નિલમબેન રમેશભાઈ ચુનારા

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

**ગુનો:-પ્રોહી.એકટની કલમ-૬૫(એ)(એ) મુજબ.**

**ચૂ કા દો**

૧. સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરિયાદમાં આક્ષેપ કર્યા મુજબ તારીખે, સમયે અને જગ્યાએ પોતાના કબ્જા ભોગવટામાંથી દેશી દારૂ ગેરકાયદેસર રીતે રાખી પ્રોહી. રેઈડ દરમ્યાન મળી આવી ઉપરોકત મુજબનો ગુનો કરેલ છે.

૨. જે અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનને નોંધાવી જરૂરી તપાસ કરી આરોપીને અટક કરેલ અને આરોપી સામે ગુનો બન્યાનું જણાતા આ અદાલત સમક્ષ ઈન્સાફી કાયવાહી સારું ચાર્જશીટ રજૂ કરેલ છે.

૩. આરોપી આજ રોજ મારી સમક્ષ હાજર થતા પ્રથમ તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવ્યા બાદ કેસના કાગળો વંચાણે લઈ ગુના સંબંધી આરોપીનું નીવેદન લેતાં આરોપીએ ગુનાનો ઈકરાર કરેલો છે. આમ આરોપી પોતાની રાજીખુશી અને સ્વૈચ્છિકપણે પોતાનો ગુનો કબુલ મંજૂર કરતા હોઈ હું આરોપીની ગુના કબુલાત સ્વીકારું છું અને આરોપીને ગુનેગાર ઠરાવું છું.

૪. વળી આરોપીએ ગુના કબુલાતની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને આરોપી મધ્યમ વર્ગના માણસ છીએ અને કાયદાની જોગવાઈઓને ધ્યાને રાખી આરોપી ઉપર રહેમ નજર રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે.

૫. આમ આરોપી સામેનો ગુનો લક્ષમાં લેતાં તથા આરોપીએ રજૂ કરેલી દયાની અરજને લક્ષ માં લેવામાં આવેલ છે. વધુમાં આ કામના આરોપી અન્ય ગુનાના કામે જેલમાં હોય અને હાલના ગુનામાં કબુલાત કરતાં હોય અને તેઓએ હાલના ગુનામાં દયાની અરજ ગુજારેલ છે. તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-: આ ખ રી હુ ક મ :-**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ - 252 અન્વયે પ્રોહી એકટ કલમ-૬૫(એ) (એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.100/- (અંકે રૂપિયા એકસો પુરા નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન - 7 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. 12/11/2022
અમદાવાદ

(રઘુવિરસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા)
UIC CODE NO. GJ00938
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય)